# મત્સ્યોદ્યોગ ખાતુ, ગુજરાત

## ૧૧-માસના કરાર આધારીત ફિશરીઝ ગાર્ડની ભરતી બાબત

મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી, સુરતના કાર્યક્ષેત્રમાં આવતા મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ઉપર બોટોની અવર-જવર માટે ટોકન આપવાની કામગીરી માટે માસીક રૂા. ૯,૦૦૦/- ના ફિક્સ વેતનથી ૧૧ માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે કુલ ૦૬ ફિશરીઝ ગાર્ડની ભરતી કરવાની થાય છે. આ ભરતી માટે માજી સૈનિકો (આર્મિ તથા પેરા મિલિટરી ફોર્સ) માંથી નિવૃત થયેલ ઉમેદવારો પાસેથી નીચેની વિગતે અરજી મંગાવવામાં આવે છે. આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસની અંદર અરજીઓ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી, બહુમાળી ભવન, એ-બ્લોક, બીજો માળ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ ના સરનામે "સ્પીડ પોસ્ટ" અથવા રજીસ્ટર એ.ડી. પોસ્ટથી પહોંચતી કરવાની રહેશે. તેમજ કવર ઉપર ફીશરીઝ ગાર્ડ ભરતીની અરજી તેમ લખવું. (૧) અરજી સાદા કાગળમાં ઉમેદવારે પોતાનું પુરૂનામ / સરનામું (અટક પહેલા લખવી) તથા ડોક્યુમેન્ટ (સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો / માર્કશીટ સહીત, ડિસ્ચાર્જબુક, આધારકાર્ડ)ની પ્રમાણીત નકલ બિડવાના રહેશે. (૨) લાયકાત (અ.) ઉમેદવાર માજી સૈનીકો (આર્મિ તથા પેરા મિલિટરી ફોર્સ) માંથી નિવૃત થયેલ હોવો જોઈએ તથા સાગર રક્ષક દળના જવાનો (બ) ઉંમર ઓછામાં ઓછી ૨૦ અને વધુમાં વધુ ૫૦ વર્ષની હોવી જોઈએ. (ક) શૈક્ષણિક લાયકાત ૧૦-ધોરણ પાસ અને અંગ્રેજી તથા ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડવું જોઈએ (ડ) માજી સૈનિકો (આર્મિ તથા પેરા મિલિટરી ફોર્સ) માં ઓછામાં ઓછી પાંચ વર્ષની ફરજ બજાવેલ હોવી જોઈએ. • આ ભરતી કાયમી ભરતીની પ્રક્રિયાના ભાગરૂપે થતી ન હોય, પસંદ થનાર ઉમેદવાર ભવિષ્યમાં કાયમી નોકરી માટે હક કે ન્યાયિક દાવો કરી શકશે નહી તથા સરકારશ્રીના કોઈપણ લાભ મળવા પાત્ર રહેશે નહી • અધુરી અરજીઓ અને બિન લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજી રદ કરવામાં આવશે • અરજીઓ પૈકી પસંદગીને પાત્ર ઉમેદવારોને ઈન્ટરવ્યું માટે અલગથી કચેરી દ્વારા જાણ કરવામાં આવશે. • ફિશરીઝ ગાર્ડની આખરી પસંદગી કમિટીના નિર્ણયને આધીન રહેશે.

સહી/- મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક
સુરત

ક્રમાંક : માહિતી-સુરત/૧૪૪/૨૦૨૩